૨

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં. ૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in

---

<u>તાત્કાલીક</u>

જીઆઇસી/ફરિયાદ-૦૯૧૪-૨૦૨૫/કોર્ટ કેસ યુનિટ
તા.03-01-૨૦૨૬

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯, નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી સુરેશભાઇ આર. ડાભી, દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૦૨/૦૧/૨૦૨૬ નો હુકમ ક્રમાંક: ફરિયાદ-૦૯૧૪-૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૦૨/૦૧/૨૦૨૬ નો હુકમ ક્રમાંક: ફરિયાદ-૦૯૧૪-૨૦૨૫ ની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ ધ્યાને લેવા આપના નિયંત્રણ હેઠળના સર્વે જાહેર સત્તામંડળોને જરૂરી સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

પી.૧
૬/૧/૨૫

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.

ફરિયાદ નં- ફ-૦૯૧૪-૨૦૨૫

ફરિયાદી : શ્રી ડાભી સુરેશભાઇ આર.

વિરુધ્ધ

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારી
ટાઉન ડેવલપમેન્ટ ઇન્સપેકટર (ઠક્કરબાપાનગર)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ અને નગરવિકાસ ખાતુ,
મહાનગર સેવા સદન ઉત્તર ઝોન,
રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૧

(૨) અપીલ સત્તાધિકારી
ડે.એસ્ટેટ ઓફિસર (ઉત્તર ઝોન)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ઉત્તર ઝોન, એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ,
"રાજીવ ગાંધી ભવન",બીજો માળ,
મેમ્કો ચાર રસ્તા, નરોડા રોડ,
અમદાવાદ - ૩૮૨૩૪૫

તા. ૨/૧/૨૦૨૬

ડૉ. સુભાષ સોની ,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૦૧/૦૧/૨૦૨૬
(૨) સુનાવણીનું સ્થળ : ગુજરાત માહિતી આયોગ

(૩) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-</u>

| ક્રમ | વિગત | : તારીખ |
|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : ૧૪/૦૭/૨૦૨૫ |
| (ii) | પ્રથમ અપીલ | : ૧૯/૦૮/૨૦૨૫ |
| (iii) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : ૦૬/૧૦/૨૦૨૫ |
| (iv) | બીજી અપીલ | : ૧૪/૧૧/૨૦૨૫ |
| (v) | વિવાદીની રજૂઆત | : ૧૭/૧૨/૨૦૨૫ |
| (vi) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : ૨૯/૧૨/૨૦૨૫ |
| (vii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : ૨૯/૧૨/૨૦૨૫ |

(૪) <u>સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-</u>

ફરિયાદી : શ્રી ડાભી સુરેશભાઇ આર. ઉપસ્થિત રહેલ નથી.

સામાવાળા : (૧) શ્રી વિક્રમકુમાર પટેલ, જાહેર માહિતી અધિકારી અને ટાઉન ડેવલપમેન્ટ ઇન્સપેક્ટર (ઠક્કરબાપાનગર), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસ્ટેટ અને નગરવિકાસ ખાતુ, ઉત્તર ઝોન, અમદાવાદ આયોગ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૨) પ્રથમ અપીલ સત્તાધિકારી અને ડે.એસ્ટેટ ઓફિસર(ઉત્તર ઝોન), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ઉત્તર ઝોન, એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ, અમદાવાદ ઉપસ્થિત રહેલ નથી.

(૫) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

ફરિયાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી. ફરિયાદી દ્વારા ફરિયાદ અરજીમાં ફરિયાદની સુનાવણી સમયે તેઓના ખાસ અંગત મિત્ર અને ગુજરાત આર.ટી.આઈ. એક્ટિવિસ્ટના પ્રમુખ શ્રી ખુશાલ વર્માને સુનાવણીમાં હાજર રહી, રજૂઆત કરવા માટે સંમતિ આપવામાં આવેલ છે. સુનાવણી સમયે ફરિયાદી વતી શ્રી ખુશાલ વર્મા ઉપસ્થિત રહેલ નથી.

ફરિયાદી દ્વારા ફરિયાદ અન્વયે સમયમર્યાદામાં માહિતી મળેલ નહીં હોવાથી, જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને /

અથવા ૨૦(૨) હેઠળ કાર્યવાહી કરવા માટે રજૂઆત કરવામાં આવેલ છે.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીની રજૂઆત અનુસાર, વિવાદીની અરજી સાથે સામેલ "A" ની અરજીમાં દર્શાવેલ ગેરકાયદેસર બાંધકામ સંબંધમાં તેઓ દ્વારા ફરિયાદીની અરજી મળ્યાની તારીખથી માહિતી/પ્રત્યુત્તર પાઠવ્યાની તારીખ સુંધીમાં કુલ ત્રણ નોટીસ પાઠવવામાં આવેલ હતી અને આ ત્રણેય નોટીસની માહિતી ફરિયાદીને તા.૨૪/૦૭/૨૦૨૫ના પત્રથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. જ્યારે, ફરિયાદીની અરજીમાં દર્શાવેલ પોલીસ યાદી અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજૂ કરેલ રિપોર્ટની માહિતી ફરિયાદીને માહિતી/પ્રત્યુત્તર પાઠવ્યાની તા.૨૪/૦૭/૨૦૨૫ના સમયે રેકર્ડ ઉપર અસ્તિત્વ ધરાવતી ન હોવાથી, ફરિયાદીને માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારી જણાવે છે કે, ફરિયાદીની પ્રથમ અપીલની સુનાવણી સમયે ફરિયાદી દ્વારા માહિતી મળેલ ન હોવાની રજૂઆત કરવામાં આવતા, સુનાવણી દરમિયાન ફરિયાદીને રૂબરૂમાં પુન: માહિતી આપવામાં આવેલ છે અને ફરિયાદી દ્વારા માંગણી મુજબની માહિતી મળેલ હોવાની સહી કરીને, તા.૧૧/૧૦/૨૦૨૫ના રોજ જાહેર માહિતી અધિકારીના મૂળ રેકર્ડમાં ઉપલબ્ધ સ્થળપત ઉપર સહી કરવામાં આવેલ છે.

ફરિયાદી દ્વારા સુનાવણી માટે અધિકૃત કરવામાં આવેલ શ્રી ખુશાલ વર્મા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અપ્રમાણસર અરજીઓ કરવામાં આવતી હોવાથી, અપીલ નં. અ-૩૯૯૨-૨૦૨૪માં તા.૨૯/૦૧/૨૦૨૫ના હુકમથી શ્રી ખુશાલ વર્માને પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૨૫ અરજીઓ કરવા માટેના આદેશો કરવામાં આવેલ છે.

પ્રસ્તુત કેસની સમગ્ર વિગતો જોતા, શ્રી ખુશાલ વર્મા દ્વારા અન્ય વ્યક્તિઓનો ઉપયોગ કરીને, માહિતીની માંગણી કરવામાં આવે તેવી શક્યતાને ટાળવાના હેતુસર, શ્રી ખુશાલ વર્માની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની વર્તણૂંક ધ્યાને લઈને, તેઓને અન્ય નાગરિક વતી જાહેર માહિતી

અધિકારી, પ્રથમ અપીલ અધિકારી કે આયોગ સમક્ષની સુનાવણીમાં ઉપસ્થિત રહેવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉક્ત વિગતે આયોગના સચિવને જણાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને આયોગના ઉક્ત હુકમની નકલ મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

પ્રસ્તુત હુકમની નકલ શ્રી ખુશાલ વર્માને સ્પીડ પોસ્ટ પત્રથી તેઓના અદ્યતન સરનામા ઉપર મોકલવામાં આવે.

જાહેર માહિતી અધિકારી દ્વારા સમયમર્યાદામાં ઉપલબ્ધ માહિતી/પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાથી, જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને/અથવા ૨૦(૨) હેઠળ કાર્યવાહી કરવા માટેની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

ઉક્ત હુકમો અન્વયે ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

ગુજરાત માહિતી આયોગ * ગાંધીનગર *

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર